અપીલ અરજી નં.૬૯ તા.૧૫–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી પીર મોહમંદ હાજીહુસેન ઈંટવાલા

સામાવાળાઃ– ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પીર મોહમંદ હાજીહુસેન ઈંટવાલાની તા.૨૮–૪–૦૯ ની આઈ ડી નં.૧૧૩ તા.૨–૫–૦૯ ની અરજીથી ઉમરવાડા સર્વે નં.૩૪ ફા.પ્લોટ નં.૮૧ સંજયનગરમાં આવેલી પોલીસ ચોકીની બાજુમાં આવેલા નવા બાંધકામનો પ્લાન કયારે પાસ થયો? કોના નામે પાસ થયો? અને કયા અધિકારીએ પાસ કર્યો ?, રેસીડન્ટ છે કે કોમર્શીયલ? એન. એ. થયેલ છે? બાંધકામ પ્લાન મુજબનું છે? આર્કીટેકનું નામ સરનામું તથા જગ્યા માલિકનું નામ સરનામું, તથા બાંધકામના પ્લાનની નકલ વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી બાબત.

***સંદર્ભ*** :–અરજદાર મજકુરની તા.૧૫–૬–'૦૯ ની અપીલ અરજી નં.૬૯/૨૦૦૯–૧૦

શ્રી પીર મોહમંદ હાજીહુસેન ઈંટવાલાની તા.૨૮–૪–૦૯ ની આઈ ડી નં.૧૧૩ તા.૨–૫–૦૯ ની અરજીથી ઉમરવાડા સર્વે નં.૩૪ ફા.પ્લોટ નં.૮૧ સંજયનગરમાં આવેલી પોલીસ ચોકીની બાજુમાં આવેલા નવા બાંધકામનો પ્લાન કયારે પાસ થયો? કોના નામે પાસ થયો? અને કયા અધિકારીએ પાસ કર્યો ?, રેસીડન્ટ છે કે કોમર્શીયલ? એન. એ. થયેલ છે? બાંધકામ પ્લાન મુજબનું છે આર્કીટેકનું નામ સરનામું તથા જગ્યા માલિકનું નામ સરનામું, તથા બાંધકામના પ્લાનની નકલ વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી બાબતે પત્ર નં.ટીડીઓ/૭૮૫ તા.૫–૬–૦૯ થી આપેલ જવાબો ખોટા તથા ગેરમાર્ગે દોરવાની કોશિશ કરી છે તેવું જણાવી સમય મર્યાદા બાદ આપેલ માહિતી અંગે ભરેલ ફી રીફંડ ની માંગણી કરેલ છે.જે અંગે મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯૦ તા.૧૯–૬–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) તથા અપીલમાંના ખોટા તથા ગેરમાર્ગે દોરવાની કોશિષ કરેલ હોવાના દાવા અંગ આધાર અને વાજબીપણું રજુ કરવા અંગે અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૧૪૭૩ તા.૨૯–૬–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં સા.ઈ.ઝોન/લીંબાયત/૩૨૩ તા.૮–૫–૦૯ ની લીંબાયતઝોન તરફથી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ થયેલ પત્ર,અરજદારની મુળ અરજી, ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી નં.ટીપીડી/આરટીઆઈ/૬૯ તા.૩૦–૫–૦૯ થી મધ્યસ્થ શહેર વિકાસ અને નગર નિયોજક શ્રી નગર નિયોજન અને મૂલ્યાંકન ખાતુ સુરતને તબદીલ કરેલ પત્રની નકલ તથા તેમને નગર નિયોજકશ્રી સુરત મહાનગરપાલિકાને નં.ક્રમાંક નરયો/સુરત/મા.મ./૪૩૩ તા.૨૫–૫–૦૯ ના પત્રથી તબદીલ કર્યાના પત્રની નકલ, સીટી મામલતદારે પત્ર નં.ઈએસટી/રાટુઈ/અરજી ૭૯૦ તા.૨૦–૫–૦૯ થી ટાઉન પ્લાનીંગ ઓફિસર રૂઘનાથપુરા અને તલાટીશ્રી ઉમરવાડા, તા.સુરતને તબદીલ કર્યાના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી કલેકટરશ્રીએ પીઆરઓ/આરટીઆઈ/૨૩૭૨૦૯ તા.૬–૫–૦૯ ના પત્રથી સીટી મામલતદાર પનાસને તબદીલ કર્યાન પત્રની નકલ, ડાયરેકટર ઓફ પ્લાનીંગે ટીડીઓ/૭૮૫ તા.૫–૬–૦૯ થી તથા નં.ટીડીઓ/૧૪૭૦ તા.૨૯–૬–૦૯ થી અરજદારને આપેલ માહિતીની નકલની માહિતીની વિગતો પુરી પાડેલ છે. અરજદાર તરફથી સીસીસી/સી.ઝેડ/૧૦૮ તા.૨૩–૬–૦૯ થી અપીલ તબકકે આપેલ પૂરક માહિતીમાં અપીલ બાબતે ની રજૂઆત કરેલ છે જેની સાથે સા.ઝોન/એસ્ટા/૫૦૪ તા.૧૮–૬–૦૯ ના રોજ નિવાસી નાયબ કલેકટર નાનપુરાને અરજી બાબતે પાઠવેલ પત્રની નકલ તથા તેમને અરજદારને નં.એ/બ/ખ/૫/રા.ટુ.ઈ./વશી/૧૭૩૪ તા.રજી. નં.૩૮૩/૦૯ તા. ૧–૦૬–૦૯ ની અરજદારને આપેલ માહિતીની નકલ,મુળ અરજી ,અરજી ભર્યાની પહોંચ અને જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીના પત્ર નં.ટીડીઓ/૭૮૫ તા.૫–૬–૦૯ ના પત્રની નકલ, તથા જાહેર માહિતી અધિકારીએ આપેલ તબદીલ પત્રોની નકલો અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૮–૪–૦૯ ની અરજીથી આઈ ડી નં.૧૧૩ તા.૨–૫–૦૯ ની અરજીથી ઉમરવાડા સર્વે નં.૩૪ ફા.પ્લોટ નં.૮૧ સંજયનગરમાં આવેલી પોલીસ ચોકીની બાજુમાં આવેલા નવા બાંધકામનો પ્લાન કયારે પાસ થયો? કોના નામે પાસ થયો? અને કયા અધિકારીએ પાસ કર્યો ?, રેસીડન્ટ છે કે કોમર્શીયલ? એન. એ. થયેલ છે? બાંધકામ પ્લાન મુજબનું છે? આર્કીટેકનું નામ સરનામું તથા જગ્યા માલિકનું નામ સરનામું, તથા બાંધકામના પ્લાની નકલ વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતીની માંગણી કરતી અરજી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે શહેર વિકાસ અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને લગતી હોય સા.ઈ.ઝોન/લીંબાયત/૩૨૩ તા.૮–૫–૦૯ થી તબદીલ કરવામાં આવેલ. અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાં આવેલી માહિતી નં.ટીડીઓ/૭૮૫/ તા.૫–૬–૦૯ થીપૂરી પાડવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૫ અને ૬ નો જવાબ ટાઈપીંગ ભુલના કારણે શરતચૂક થયેલ છે તેવું અપીલ તબકકે પૂરક વિગતોમાં જણાવી નં.ટીડીઓ/૧૪૭૦ તા.૨૯–૬–૦૯ થી અરજદારને સુધારેલ જવાબ મુજબ માહિતી આપ્યાની નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે તા.૨૩–૬–૦૯ ના રોજ પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીના મુદ્દા નં.૧ ,૪ અને ૬ અંગે વિસંગતતા હોવાની

રજૂઆત કરેલ છે. જે જાહેર માહિતી અધિકારીએ તા.૨૯–૬–૦૯ થી સુધારેલ આપેલ માહિતી જોતાં મુદ્દા નં.૧ માં પ્લાન મંજુર કરવામાં આવેલ નથી તેવી માહિતી આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૪ માં બાંધકામ રજૂ થયેલ પ્લાન મુજબ છે અને ૬ માં બાંધકામના રજૂ થયેલ પ્લાનની નકલ મેળવવાની રૂા.૨૭૫/–ફી ભરપાઈ કર્યેથી માહિતી પૂરી પાડવા તૈયારી દર્શાવેલ છે. અત્રે એ પણ સૂચક છે કે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તા.૫–૬–૦૯ ના પત્રથી આપેલ માહિતી તબકકે પણ રૂા.૨૭૫/– દસ્તાવેજ ફી ભર્યેથી રજૂ થયેલ પ્લાનની નકલ પૂરી પાડવા તૈયારી દર્શાવેલ છે. પરંતુ અરજદારે તે મેળવવા કોઈ પ્રયત્ન કરેલ જણાતું નથી.

અપીલ તબકકેની અરજદારની રજૂઆત જાહેર માહિતી અધિકારીએ આપેલ બન્ને જવાબો ધ્યાને લેતાં ખોટા અને ગેરમાર્ગે દોરતી આપેલ માહિતીના અરજદારના દાવાને કોઈ સમર્થન મળતું જણાતું નથી. જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૧ અંગે પ્લાન કયારે પાસ થયું વિ. બાબતો અંગે પ્લાન મંજુર કરવામાં આવેલ નથી તેવી માહિતી આપેલ છે. જયારે મુદ્દા નં.૪ અને ૬ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આપેલ માહિતી " રજૂ થયેલ પ્લાન" ના સંદર્ભમાં આપેલ છે આમ આપેલ માહિતી પરથી તે સ્પષ્ટ થાય છે કે પ્લાન રજૂ થયેલ છે. પરંતુ મંજુર થયેલ નથી તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે ગેરમાર્ગે દોરતી ગણાય નહી પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૬ અંગે દસ્તાવેજ ફી ભરી પ્લાનની નકલ મેળવી લેવા જણાવેલ માહિતી પ્રથમ સમયનો પણ દિન–૩૦ ની સમય અવધિ બાદનો છે જે આરટીઆઈ એકટની કલમ–૭(૧) અને (૩) સાથે સુસંગત નથી.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૪–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી પૈકી મુદ્દા નં. ૬ના પ્લાનની નકલ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૭ –૦૯

ડે.*કમિશનર(જનરલ),*<br>
અ*ને એપેલેટ ઓફિસર*<br>
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,(મધ્યસ્થ શહેર વિકાસ) ..... જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી પીર મોહમંદ હાજીહુસેન ઈટવાલા,